# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/વહીવટ/૨૦૨૦/૨૨૨૮ તા.૨૨/૧૨/૨૦૨૦

પરિપત્ર- ૨૨૮૦

વિષય- વર્ષ ૨૦૨૦-૨૧માં ભારત સરકારની દિવ્યાંગ વ્યક્તિઓની શિષ્યવૃત્તિ માટે National Scholarship Portal (2.0) માં અરજી માટે છેલ્લી તારીખની જાણ બાબત.

સંદર્ભ- (૧) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીનો તા.૧૮/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક: સ\સુઅગો/૨૯૮૫/૨૦૨૦-૨૧

(૨) નિયામકશ્રી સમાજ સુરક્ષા ખાતાનો તા.૧૦/૧૨/૨૦૨૦ નો પત્ર ક્રમાંક: નંસસુખા/અપગ/સ્કોલરશીપ/૨૦૨૦-૨૧/૧૩૮૧૪

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમમાં કોલેજોના આચાર્યશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્રો અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રીના નેશનલ સ્કોલરશીપ પોર્ટલ www.scholarships.gov.in પર રજીસ્ટર થવું ફરજીયાત છે. શિષ્યવૃત્તિની અરજી કરવાની અંતિમ તા.૧૫/૦૧/૨૦૨૧ હોઈ તમામ કોલેજોએ દિવ્યાંગ વિદ્યાર્થીઓની અરજી ઓનલાઈન કરી તેની પ્રિન્ટ આપના જિલ્લાની જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી ખાતે એક નકલ મોકલી આપવાની રહેશે. અને એક નકલ કોલેજ ખાતે રાખવાની રહેશે. વધુમાં જણાવવાનું કે આપની કોલેજોના અધ્યાપકોની માહિતી તથા કોલેજની વિગત સંદર્ભ દર્શિત પત્રમાં જણાવેલ પત્રકમાં ભરી મોકલી આપવાની રહેશે. જેથી કાર્યવાહી સમયસર પૂર્ણ થઇ શકે જે અંગે વિદિત થઇ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

બિડાણ- ઉપર મુજબ.

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન તમમાં કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તાતાહ઼ જરૂરી કાર્યવાહી અર્થે.

બાળ લગ્ન પ્રતિબંધક સહ
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી
ભોય તળીયે જિલ્લા સેવા સદન-૨, કલેક્ટર કચેરી કંમ્પાઉન્ડ ગોધરા, જિ.પંચમહાલ
ફોન નં.૦૨૬૭૨-૨૪૧૪૮૭ Email-dsdo-pan@gujarat.gov.in

જા.નં.સસુઅગો/ /૨૬૮૫/૨૦૨૦-૨૧ તા. ૧૮/૧૨/૨૦૨૦

પ્રતિ

માન.રજીસ્ટ્રારશ્રી
ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી
ગોધરા જી.પંચમહાલ

વિષય :- વર્ષ ૨૦૨૦-૨૧ માં ભારત સરકારની દિવ્યાંગ વ્યકિતઓની શિષ્યવૃતિ માટે National Scholarship portal (2.0) માં અરજી માટે છેલ્લી તારીખની જાણ બાબત.

સંદર્ભ :- નંસસુખા/અપગ/સ્કોલરશીપ/૨૦૨૦-૨૧/૧૩૮૧૪ તા.૧૦/૧૨/૨૦૨૦

સવિનય ઉપરોકત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનુકે આપના તાબા હેઠળની શાળા/કોલેજ/સંસ્થાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓ ભારત સરકારની સ્કોલરશીપ યોજનાનો લાભ લઇ શકે તે માટે દરેક શાળા/કોલેજ/સંસ્થાએ ભારત સરકારના પોર્ટલ www.scholarships.gov.in ઉપર રજીસ્ટર થવુ ફરજીયાત છે. તથા પોર્ટલ ઉપર દિવ્યાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃતિ અરજી માટેની છેલ્લી તારીખ હવે વધારીને ૧૫/૦૧/૨૦૨૧ કરવામાં આવી છે. જે કોલેજ દ્વારા અરજી ઓનલાઇન કરવામાં આવે તેની પ્રિન્ટ કાઢી ૧ નકલમાં અત્રેની કચેરીએ મોકલી આપવાની રહેશે તથા ૧ નકલ કોલેજ એ તેમની પાસે રાખવાની રહેશે. આ માટે ઉપરોકત સંદર્ભથી મળેલ પત્ર મોકલી આપવામાં આવે છે જેમાં જણાવ્યાનુસાર આપના તાબા હેઠળના શિક્ષકો/અધ્યાપકોને તથા તમામ કોલેજ/ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં કાર્યવાહી સમયસર પૂર્ણ થાય તે માટે આપની કક્ષાએથી તાત્કાલિક યોગ્ય કાર્યવાહી થવા નમ્ર વિનંતી છે.

જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી
ગોધરા જી.પંચમહાલ

બિડાણ :- સંદર્ભ પત્રની નકલ સામેલ છે.

નિયામક.સમાજ સુરક્ષા ખાતુ
બ્લોક નં. ૧૯.ગ્રાઉન્ડ ફ્લોર.
ડૉ. જીવરાજ મહેતા ભવન.
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ગુજરાત રાજ્ય.
ફોન નં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ઈ–મેઈલ : lir-sd@gujarat. gov.in

નં. અપગ/સ્કોલરશીપ/૨૦૨૦-૨૧/ ૧૩૮૯૪ તા. ૧૦/૧૨/૨૦૨૦

પ્રતિ,
સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી

વિષય: નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પરની અરજીઓની ચકાસણી કરવા બાબત
સંદર્ભ: અત્રે કચેરી પત્ર નં. અપગ/સ્કોલરશીપ/૨૦૨૦-૨૧/૧૨૫૪૦, તા.૧૧/૧૧/૨૦૨૦

ભારત સરકારની દિવ્યાંગ વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક, પોસ્ટ-મેટ્રીક તથા ટોપ કલાસ સ્કોલરશીપની નવી તથા રીન્યુઅલ અરજીની રજિસ્ટ્રેશન તથા સંસ્થા દ્વારા અરજી ચકાસણીની અંતિમ તારીખ વધારી અનુક્રમે તા.૩૧/૧૨/૨૦૨૦ તથા તા.૧૫/૦૧/૨૦૨૧ કરેલ છે.

જિલ્લા કક્ષાએ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ પર જે લાભાર્થીઓની અરજીઓ પડતર પડેલ છે તેવી અરજીઓ તથા નવી આવતી અરજીઓની લાભાર્થી/સંસ્થા દ્વારા જમા કરાવેલ ડોક્યુમેન્ટ સાથે ચકાસણી કરી અત્રેના સંદર્ભપત્ર મુજબની કામગીરી પૂર્ણ કરીને તાલુકાવાર નિયત પત્રક મુજબ માહિતી ઇ-મેઇલ: dsd@gujarat.gov.in પર તથા પત્રકની હાર્ડકોપી તા.૩૧/૧૨/૨૦૨૦ સુધીમાં તથા ત્યારબાદ આવેલ તમામ અરજીઓની માહિતી તા.૦૭/૦૧/૨૦૨૧ સુધી મોકલી આપવા જણાવવામાં આવે છે. જેથી રાજ્ય કક્ષાએ અરજી મંજુર/નામંજુરની કામગીરી સમયમર્યાદામાં પૂર્ણ કરી શકાય. જે લાભાર્થીની અરજી સંસ્થાના લોગિનમાં પેન્ડિંગ છે તે અંગે સંસ્થાને જાણ કરી ચકાસણીની કામગીરી પૂર્ણ કરાવવાની રહેશે. જો લાભાર્થીની સંસ્થા/કોલેજ બીજા જિલ્લામાં હોય તો જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી સાથે પરામર્શ કરી ચકાસણી કરી જે જિલ્લાના લોગીનમાં હોય તે જિલ્લાએ માહિતી મોકલી આપવાની રહેશે તથા અન્ય રાજ્યમાં અભ્યાસ કરતા હોય તો કોલેજમાં ટેલિફોનિક ચકાસણી કરી માહિતી મોકલી આપવાની રહેશે.

| No. | Scholarship Type | Application Id | Student Name | Approve/ Reject/ Defect | Reason (In Case Of Reject/ Defect) |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |

નાયબ નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર